# ફરમાન મુબારક

# રુહાની રોશની

<u>ફક્ત ઈમામી ઈસમાઈલીઓ માટે</u>

## હ. ઈમામ સુલતાન મુહમ્મદશાહના
## અમૂલ્ય ફરમાનો

# રૂહાની રોશની

-: સંગ્રહકર્તા :-

"અભ્યાસી"

સેવક મહમદઅલી ઈબ્રાહીમ નાનજી

ઠે. રોશન વીલા, સી-૩૨-એ, બ્લોક-૬, ફેડરલ બી,
એરીયા, કરાંચી - ૩૮.

**ઈસમાઈલીયા એસોસીએશન ફોર પાકિસ્તાન**
ડીકુઝ રોડ, ગાર્ડન ઈસ્ટ, કરાચી-૩.

મરતબા ઈલ્મ કેરા
સબ હુન્નર ઉપર હએ આલા,
કે ઈલ્મસે તો રબ પહેચાના
જીને અપના દીલ ઉજાલા;
ઓર હુન્નર કમાઈ ફના હોવે
પહેચાન ખુદાકી રહેવે બાકી,
એ સુનો સમજો યાદજ રાખો
ફરમાયા કઉસરે સાકી.
**(કલામે મૌલા)**

ઈસ્માઈલીઓનું એ ગૌરવ છે કે ઈસ્લામના આરંભથી આજ દિવસ સુધી રૂહાની પ્રકાશની દુનિયા ઈમામત સાથે એક સત્ય તરીકે રહે છે. આ અનોખી પ્રણાલિકા પ્રમાણે દરેક વખતના ઈમામે પોતાના મુરીદોને દુનિયાની જવાબદારીઓને સંભાળવા સાથે પોતાના મકસદને હાંસલ કરવા યોગ્ય હિદાયત ફરમાવે છે. વળી ઈસ્માઈલી મઝહબ એક બાતુની

મઝહબ હોઈ તેની આકેબતની દવા તરીકે બાતુની પાકાઈ અને સફાઈ બતાવવામાં આવેલ છે.

મજકુર હિદાયતોને એક સાથે રજુ કરવા આ પ્રકાશન બહાર પાડવામાં આવે છે જેમાં ઈમામે ઝમાનના અમુલ્ય જવેરાતોરૂપી ફરમાનો સમાવવામાં આવ્યા છે.

આ પ્રકાશન આપણા દીનદારોને એક ભેટ તરીકે આપવા માટે મી. મહમદઅલી ઈબ્રાહીમ નાનજી "અભ્યાસી" અને તેમના સાથીદારો અને સખી ગૃહસ્થોને ધન્યવાદ ઘટે છે.

મૌલા તેમના નેક કામ બદલ તેમના દિલની નેક ઉમેદો પુરી કરે, આમીન.

-પ્રકાશક

નૈરોબી, તા. ૬-૧૦-૧૯૦૫

**હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર આગા સુલતાન મોહમ્મદ શાહ હાઝર ઈમામે ફરમાવ્યું:-**

"ઈન્સાન જ્યાં સુધી આ દુનિયામાં છે, ત્યાં સુધી તે સ્કુલમાં શિખનાર વિદ્યાર્થી માફક છે. સ્કૂલમાં શિખતા છોકરા હંમેશાં પોતાનો અભ્યાસ ચાલુ રાખે છે અને સ્કૂલમાં જે શિખવવામાં આવે છે તેનું શિક્ષણ લ્યે છે; તેમજ ઈન્સાન આ દુનિયામાં જીવે ત્યાં સુધી શિખતાં શિખતાં હોંશિયાર, અક્કલવાન, ઈલમી તથા હિંમતવાન થાય છે."

જે છોકરો નાનપણથી સુસ્તી કરીને પોતાનો પાઠ બરોબર યાદ કરતો નથી, તે પરિક્ષામાં પાસ થતો નથી અને ગધેડા મિસાલ રહી જાય છે.

ઈન્સાન હંમેશા શિક્ષણ લેતો રહે તો, ગુજરી ગયા બાદ આખરતની પરિક્ષામાં પાસ થાય.

દુનિયામાં ક્યા ક્યા પાઠ શિખવા જોઈએ? પહેલો પાઠ તો પાકાઈનો પાઠ છે; એટલે સર્વે બાબતોમાં પાક અને સાફ થવું. જો આ પાકાઈનો પાઠ દુનિયામાં બરાબર શિખ્યા હશો, તો ઈન્શાઅલ્લાહ મરણ બાદ જ્યારે તમારી પરિક્ષા લેવામાં આવશે ત્યારે પાસ થશો.

મરી ગયા બાદ આખરતની પરિક્ષા પાસ કરવા માટે ચાર પાઠ કરવાની જરૂર છે. આ ચાર પાઠ આ પ્રમાણેના છે.

(૧) તમારૂં ઈમાન પાક જોઈએ.

(૨) તમારા આમાલ પાક જોઈએ.

(૩) તમારી આંખ પાક જોઈએ.

(૪) તમારા હાથ પાક જોઈએ.

(૧) હવે ઈમાન એવી રીતે પાક હોવું જોઈએ કે, તમારો રૂહ અક્કલ અને ઈશ્ક વડે પાક હોય, ત્યારે તમારૂં ઈમાન પાક થયું કહેવાય. જો.

ઈમાન પાક થાય તો, પહેલા પાઠમાં તમે પાસ થયા, એમ કહેવાય. ઈમાનનો પાયો ઈશ્ક ઉપર રહેલો છે. જો ઈશ્ક બરાબર હોય તો, ઈમાન રૂહ સાથે એકજ થઈ જાય છે.

(૨) આમાલ પાક તે શું? અને તે કેવી રીતે પાક રહે? આમાલ પાક રહેવા માટે હંમેશાં યાદગીરી રાખવી જોઈએ. આ યાદગીરી રાખવાનું કામ ઘણું કઠણ છે; કારણ કે શેતાન ઈન્સાનને હંમેશા ફરેબ આપે છે. શેતાન રાત દિવસ તમારી પાસે તૈયારજ બેઠો છે. ફક્ત હકીકતી મોમનજ તેના ફરેબથી બચે છે.

જેમ એક માણસ જ્યારે મુસાફરી કરતો હોય છે અને તેની પાસે માલ હોય છે, ત્યારે તે માલ લૂંટાઈ ન જાય માટે, તે મુસાફરને ઉંઘ પણ આવતી નથી; કારણ તે સમજે છે કે જો હું ઉંઘી જઈશ તો ચોર આવીને મારો માલ લૂંટી લેશે. એટલુંજ નહિ પણ કદાચ મને મારી પણ નાખશે આવી

રીતે હકીકતી મોમન રાત અને દિવસ એવા ખ્યાલ રાખે છે કે મારા આમાલ પાક રહે તો સારૂં અને મને શેતાન બાજી ન આપે તો સારૂં. આવી રીતે હકીકતી મોમન શેતાનથી ડરતો રહે છે, શેતાનને પોતાનો દુશ્મન સમજે છે.

(૩-૪) તમારી આંખો, હાથ અને જબાન પણ હંમેશાં પાક રહેવા જોઈએ. જે ઈન્સાનની આંખ પાક નહિ હોય તેને મોટા ગુન્હા છે. આંખો પાક રાખવાનું કામ બહુજ મુશ્કેલ છે. પરાઈ ઔરત અથવા પરાયા માલ ઉપર બદનજર કરશો તો તેમાં તમોને ગુન્હા છે. પરાયા માલ અથવા પરાઈ ઔરત માટે તમારા દિલમાં જો જરા પણ બદખ્યાલ આવશે તો પણ તમારા હકમાં ઘણું નુકશાન છે. એ કામમાં ઈન્સાનનું માંસ ખાવા જેટલો ઝબુન ગુન્હા થાય છે, જેઓની આંખો પાક છે, તેઓને માટે આસાન છે. તેઓથી કંઈ પણ ગુન્હા નહિ થઈ શકે.

જે માણસની જબાન, હાથ તથા પગ પાક નથી, તેને માટે ઘણું મુશ્કિલ છે. જબાન પાક રાખવાની મતલબ એ છે કે કોઈ પણ વખત કોઈ મોમન કે બીજાની ગીબત અથવા બદગોઈ કરવી નહિ. આવી રીતે તમારી જબાન પાક રાખો. કદાચ કોઈ મોમનમાં કોઈ જાતનો એબ માલમ પડે તો, તેનો ઈન્સાફ કરીને તમારી જબાનથી તેનો એબ ખોલવો નહિ. કોઈ પણ માણસ અથવા મોમનનો ઈન્સાફ કરવો એ તમારૂં કામ નથી.

ખુદાવંદતઆલા પણ માણસોના એબ ઉપર પડદો ઢાંકે છે, ત્યારે તમારે પણ પોતાની જબાનથી કોઈનો એબ ખુલ્લો કરવો નહિ જોઈએ. આવી રીતે તમારી જબાન પાક રાખો. તમારા હાથને ખરાબ કામ કરવાથી અટકાવો. આવી રીતે તમારે દરેક કામમાં પાક થવું જોઈએ.

પોતાના બચ્ચાંને નાનપણથી સારા કામ કરવાની આદત પાડવી જોઈએ; તે એવી રીતે

જે ઘોડેસવાર જ્યારે ઘોડા ઉપર સવાર થાય છે ત્યારે લગામ હાથમાં રાખે છે અને જે બાજુએ ઘોડાને ફેરવવા માંગતો હોય. તે બાજુએ ફેરવે છે. તેવી રીતે ઈન્સાન પોતાના નફસનો મુખત્યાર છે. માટે જે રસ્તે તેને લઈ જવા માંગે તે રસ્તે લઈ જઈ શકે છે. નફસ માથે તમે સવાર નહિ થશો અને તમારા દિલને ગુન્હાના કામથી નહિ અટકાવો તો, શેતાન તમારો મુખત્યાર થઈ જશે અને તમારા દિલને પાપના કામ કરવા લલચાવશે શેતાન તમને ગુલામ બનાવશે. શેતાનને જો તમારા દિલમાં જગ્યા આપશો તો તે તમારા ઉપર સવાર થશે.

તમારા બચ્ચાંને નાનપણથી એવી આદત પાડો કે તેઓ શેતાનને તાબે ન થાય અને ખરાબ કામ કરતાં અટકે. જે માણસના કર્તવ્ય દુષ્ટ હોય, તેનાથી તમે દૂર રહેજો. જેમ એક મુસાફર માલ સાથે મુસાફરી કરતો હોય, તે ચોરથી ડરે છે અને ચેતીને ચાલે છે, તેમ તમે પણ શેતાનથી ડરીને દૂર રહેજો.

રૂહાની રોશની ...(૧૨૯)

ઈન્સાનના બદનમાં રૂહ છે. તેને જેવી આદત આપશો તેવી પડશે. જેમ માણસ બદનની કસરત કરે છે, ત્યારે કસરતબાજ કહેવાય છે. તે કસરતબાજ થવા સારૂ નાનપણથી પોતાના શરીરને ઘણી ઘણી રીતે દુઃખ આપે છે અને એવી રીતે આસ્તે આસ્તે કસરત કરવાની આદત પાડે છે. પોતાના શરીરને જુદી જુદી રીતે વાળવાની ટેવ પાડવા સારૂં તે દુઃખ સહન કરે છે; જ્યારે તેને બરાબર આદત પડી જાય છે. ત્યારે ઘણી સહેલાઈથી કસરત કરી શકે છે. આખરે તેનામાં એટલી બધી કુવ્વત આવે છે કે રૂપિયાના સિક્કાને હાથથી ટૂકડે ટૂકડા કરી શકે છે.

તમારા રૂહ વિષે પણ એમજ છે. તમારા રૂહને પણ એવી આદત આપો કે તે હંમેશા ખુબીના સારા કામો કરે. જ્યારે રૂહને સવાબના કામો કરવાની આદત થશે ત્યારે તમારો રૂહ પહેલવાન મિસાલ થઈ જશે અને ફિરસ્તા જેવો

બની જશે બલકે ફિરસ્તાથી પણ ઉંચી હાલતે પહોંચશે અને તે પછી તમે પોતે મોજીજા કરી શકશો.

અમો તમોને દુઆ કરીએ છીએ. તમે તમારા રૂહને એવી કસરત આપો કે તે મોજીજા કરી શકે અને તમે પોતાની અસલ જાતને ઓળખી શકો. તમારા રૂહને સારા કામ કરવાની આદત પાડો. તમે રૂહને જેવી આદત આપશો, તેવી આદત તે પકડી લેશે. તમારા રૂહને પાક કામ કરવાની આદત આપશો તો આસ્તે આસ્તે તમારા બદનમાંથી હેવાનગતી યાને જાનવરપણું નિકળી જશે અને આખરે મરણ અગાઉ તમારો રૂહ ફિરસ્તા જેવો થઈ જશે.

જો તમારી આદત દગલબાજી અને ખરાબ કામ કરવાની હશે તો તમારામાં અને જાનવરમાં શું ફરક છે? જો એવા ખરાબ કામ કરવાની તમારી આદત થશે તો તમારૂં દિલ આસ્તે આસ્તે

સિંહ વિગેરે જંગલી જાનવર જેવું થઈ જશે. આનો ખુલાસો એ છે કે, વાઘ તથા બીજા માંસાહારી જાનવરો જેને જુએ છે, તેને પકડીને એકદમ પોતાનો શિકાર કરી લીએ છે અને તેનું લોહી પી જાય છે. અને તેનું માંસ ખાઈ જાય છે.

આ પ્રમાણે જે ઈન્સાનનું દિલ પાક નહિ હોય અને જનાવર જેવું નાપાક હશે તો તે ઈન્સાન પણ વાઘની માફક પરાયો માલ અને પરાઈ ઔરતને વાસ્તે બદ ખ્યાલ કરશે અને ગુન્હાના કામ કરશે. ઈન્સાનની ખરાબ હાલતના સબબથી તેનું દિલ પણ ખરાબ અને હેવાન જેવું થશે, ત્યારે તમો ઈન્સાન અને હેવાન દરમિયાન શું ફરક બાકી રહ્યો ?

જે રસ્તેથી ઈન્સાન ફિરસ્તો થઈ શકે છે, તે રસ્તા ઉપર તમે છો, પણ તે રસ્તામાં ઘણી મુશ્કેલી છે, પણ આદત પાડવાથી તે રસ્તો ઘણો આસાન થઈ જાય છે.

તમારે હંમેશા સારા કામ કરવાની અને સાચું બોલવાની આદત પાડવી. દિન પ્રતિદિન વધારે ને વધારે સારા અને સાચા થવાની કોશિશ કરવી. જો તમે એવું ઈચ્છતા હો કે અમે હમણાંને હમણાં સારા બની જઈએ તો તેમ બની શકવાનું નથી, કારણ કે તમને ખરાબ કામ કરવાની આદત પડી ગઈ છે.

કોઈ માણસ પાંચ, દશ કે વીસ વર્ષ સુધી કસરત કરવાની આદત ચાલુ રાખે ત્યારે તેના હાથમાં અને શરીરમાં કુવ્વત આવે છે. તેમજ જ્યારે તમારા આમાલ સારા થશે તથા જ્યારે તમારા હાથ, દિલ અને ઈમાન પાક થશે ત્યારેજ તમે ફિરસ્તા થઈ શકશો.

ઈન્સાન જ્યાં સુધી દુનિયામાં જીવતો છે, ત્યાં સુધી નુરનું પાણી તેના હાથમાં આવી શક્તું નથી; કારણ કે ખુદા ન ખાસ્ત વીસ, ત્રીસ અથવા ચાળીસ વર્ષ બાદ તે પાછો મગરૂર

બની જાય અને ગુન્હાના નાપાક આમાલ કરે, તો તે શેતાન મિસાલ બની જાય છે.

દાખલા તરીકે જુઓ, અઝાઝીલ પોતાની બંદગીથી સાતમાં આસમાન સુધી પહોંચી ગયો પણ ધર્મના મગજને તે સમજ્યો નહિ. તેણે ખુદાનું ફરમાન નહિ માન્યું, તેથી શેતાન થઈને જમીન પર પડ્યો. તમે પણ જ્યાં સુધી દુનિયામાં છો, ત્યાં સુધી ક્યારે પણ મગરૂર થશો નહિ. જરાપણ નાપાકીના કામ કરશો નહિ.

જેમ ડૉક્ટર બિમાર માણસની નાડ તપાસે છે કે આ દરદીને તાવ છે કે નહિ? તેજ રીતે તમે પોતેજ ડૉક્ટર થઈને તમારા દિલની નાડ જુઓ તમે તપાસ કરો કે મેં બેફરમાનીના કામ કર્યા છે કે કેમ? મારૂં દિલ કોઈ ઉપર હસદ કરે છે કે કેમ? મને ખરાબ શેતાની ખ્યાલ ઉત્પન થાય છે કે કેમ? કોઈની દુશ્મની કરૂં છું કે કેમ? કોઈની સાથે દગલબાજી કરૂં છું કે કેમ?

આવી રીતે તમારા દિલને તપાસો. જો તમે એવા કામ કરતા હશો તો તમારો રૂહ જરૂર તમને એ વિષે ખાતરી આપશે.

જો તમારૂં દિલ તમોને ખાત્રી આપે કે તમે ગીલા ગીબત કરો છો, કોઈ સાથે દગાબાજી કરો છો, જુઠું બોલો છો, તો તમારા દિલને એવા ખરાબ કામ કરવાથી દૂર રાખજો, જે શખ્સ સાથે તમે દગાબાજી કરી હોય, જેની નીંદા કરી હોય, જેને વાસ્તે બુરૂં બોલ્યા હો, તે શખ્સ પાસે તરત તમે જાઓ. તે શખ્સ જમાતખાનામાં અથવા બીજે કોઈ ઠેકાણે હોય, ત્યાં જઈને આજીજી તથા ખુલ્લા દિલથી દગાબાજી, દુશ્મની તથા જે પ્રકારનો તેનો ગુન્હો તમે કર્યો હોય, તે કબુલ કરી તેની પાસે તમે માફી માંગો. સાફ દિલથી માફી માંગીને એક દિલ કરો અને ત્યાર પછી તેની સાથે તેવો ગુન્હો કરવો નહિ. આ પ્રમાણે એકબીજા પાસે

ગુન્હાની માફી માંગવાની તથા એકદિલી કરવાની તમોને આદત થશે તો, તમોને કોઈપણ બાબતનું નુકસાન થશે નહિ.

જેમ કોઈ એક તરી જાણનાર નદીમાં તરતો જાય છે અને નદીના મોજા તેને ઘસડીને બીજી તરફ લઈ જાય છે, તેને જે બાજુએ જવાનું છે, તેનાથી ઉલટી દિશામાં પાણીના મોજા તેને લઈ જતા હોય, તો તે થોડે છેટે સુધી પાણીથી ઘસડાઈ જશે, પણ જો તારૂ હોશિયાર હોય છે, તો આખરે પાર ઉતરી જાય છે.

એજ પ્રમાણે આ દુનિયા દરિયા સમાન છે. જો ઈન્સાનનું ઈમાન તથા ઈશ્ક ખરા હશે, તો પણ જેમ હોશિયાર તરી જાણનારને દરિયાના મોજાની મુશ્કેલી નડે છે, તેમ તેને મુશ્કેલીઓ તો આવશેજ, પરંતુ તે ઉપાયો કરીને સુકી જમીન ઉપર નીકળી જશે.

તમે તમારો સુકો રસ્તો શોધો. તમારે સુકે રસ્તે જવું હોય તો, તમારા રૂહને પાક કરો અને તમારા રૂહને દરરોજ સાચે રસ્તે ચલાવો. આવી રીતે તમને સુકો રસ્તો હાથ લાગશે. તમારો સુકો રસ્તો સાતમા આસમાન ઉપર છે. જ્યારે તમે ત્યાં પહોંચશો ત્યારે સુકી જમીન તમને મળશે અને તમારૂં દિલ પણ તમને ખાત્રી આપશે. ત્યાં જવા માટે આસાન રસ્તો નથી. ઘણોજ મુશ્કિલ રસ્તો છે. ત્યાં પહોંચવા માટે ચાર બાબતો પાક હોવી જોઈએ. જો તમારી આ ચાર બાબતો પાક હશે તો, તમે ત્યાં જલદી પહોંચી જશો.

(૧) તમારૂં ઈમાન.

(૨) તમારી આંખ.

(૩) તમારૂં દિલ.

(૪) તમારા આમાલ.

આ ચાર બાબતો પાક રાખવા માટે ઈન્સાનને દુનિયામાં જે રીતે ચાલવાની જરૂર છે, તેની મિસાલ એ છે કે જેમ વરસાદમાં રસ્તા ઉપર ચાલતી વેળાએ શરીર ભીંજાઈ ન જાય તેને માટે લાંબો કોટ તથા છત્રીથી બચાવ કરો છો, જેથી બિમાર ન પડો અને તમારૂં શરીર સલામત રહે. જો તમે એવો કોટ ન પહેરો અને એવી છત્રી ન ઓઢો તો વરસાદના પાણીથી તમે બિમાર થઈ જાઓ.

તેવીજ રીતે આ દુનિયા રૂપી દરિયામાંથી સાતમા આસમાનની સુકી જમીનને પહોંચવા માટે, રસ્તામાં જે સડક છે, તે પર શેતાન ઘણી જાતનાં વરસાદ વરસાવે છે. ફિતના, દુશ્મની, જુઠું બોલવું વિગેરે હજારો જાતના વરસાદ તે રસ્તા ઉપર વરસાવે છે અને મોમનને સુકી જમીન ઉપર ચડવા નથી આપતો. શેતાન પહેલાં એ વિચાર કરે છે કે આ ઈન્સાનને જે જાતના ગુન્હા કરવાની આદત હોય, તે પ્રમાણે તે રસ્તે

તેને ફરેબ આપુ ત્યારે તે જલદીથી મારા તાબામાં આવી જશે. કોઈ શખ્સને બદનજર કરવાની આદત હોય તો, શેતાન તેના ઉપર બદનજર કરવાનો વરસાદ વરસાવે છે. જેને ફિતના કરવાની આદત હોય, તેને તેવે રસ્તે ફરેબ આપે છે. જેને તકબ્બુરી અને નીંદા કરવાની આદત હશે તેને તે રસ્તે લલચાવશે. આવી રીતે પ્રથમ ઈન્સાનને તપાસીને શેતાન તેને હજારો રીતે ફરેબ આપશે તથા ગીરફતાર કરશે; પણ જેમ ઈન્સાન વરસાદમાંથી પોતાના શરીરના રક્ષણ માટે કોટ પહેરે છે અને છત્રી ઓઢે છે, તેમ જે ઈન્સાનનું દિલ એટલે રૂહ પાક હોય, જેને ગુન્હાના કામ કરવાની આદત ન હોય, તેજ ઈન્સાન શેતાનના ફરેબી વરસાદથી બચી શકે છે.

જે કોઈ મોમનની એવી ઈચ્છા હોય કે રાત દિવસ ખુદાને રાજી કરું અને શેતાનને તાબે ન થાઉં તો, તેની પહેલી ફરજ એ છે કે જે મોમન હોય તેના દિલને રાજી કરે.

**રૂહાની રોશની ...(૧૩૭)**

એક માણસનું ઈમાન ગમે તેટલું મજબુત હશે તો પણ જો તે કોઈ મામનને દુઃખ દેશે તો તેણે અમને દુઃખ દીધા બરાબર છે. મોમનને આપેલું દુઃખ અમારા કલેજામાં બાણની માફક લાગે છે.

અમારા પાક મોમનને અમે અમારી આંખોમાં રાખીએ છીએ. એવા મોમનને કોઈ દુઃખ દેશે તો, તેણે જાણે અમારી આંખોને દુઃખ આપ્યું.

અમે તમારા પિતા છીએ, તમે અમારા ફરજંદો છો, ત્યારે વિચાર કરો કે એવો કોઈ પણ દીકરો હશે કે પોતાના પિતાને દુઃખ દેવા ઈચ્છે? કોઈના બે દિકરા પોતપોતામાં લડાઈ કરે તો તેનું દુઃખ તેના પિતાને લાગે છે. આ એક દુનિયાનો દાખલો છે. દીનના કામમાં પણ એમજ છે. અમે તમારા રૂહાની પિતા છીએ અને દુનિયાના બાપ કરતાં તમને દસ ઘણા વધારે નજીક છીએ, માટે કોઈ પણ મોમનને દુઃખ આપશો, તો તે દુઃખ તમોએ અમને દીધું એમ સમજજો.

**રૂહાની રોશની ...(૧૩૭)**

જાહેરીમાં તમે અમારાથી ઘણા દૂર છો, તેથી તમારે કેટલીક બાબતોનો ડર રાખવાનો છે. અમોએ તમને ફરમાવ્યું છે કે, તમે દરિયામાંથી નિકળીને મીઠા પાણીની નદીમાં આવેલી માછલી જેવા છો. તમારે બેવડી સંભાળ લેવાની જરૂર છે. ખુદા ન ખાસ્ત શેતાન તમારી પાસે આવીને તમોને બાજી આપે, એવું નહિ બનવા આપતા. તમે એવી રીતે નહિ ચાલતા કે શેતાન તમારામાં આતશનો વરસાદ વરસાવે. શેતાન આતશનો વરસાદ વરસાવે તો તેના ઉપર પાણીની જરૂર પડે છે. પાણી ખુદાવંદ પોતે છે.

અમે જાહેરીમાં તમારાથી ઘણાં દૂર હોઈએ છીએ જો તમારામાં શેતાન કાંઈ પણ ફિતના રૂપી આતશ વરસાવે તો, તેને બુજાવી દેવાને માટે અમારા તાર અથવા તાલીકા તમને જલદી પહોંચી શકે તેમ નથી, માટે જો તમારામાં કાંઈ પણ ફિતનો ઉત્પન્ન થાય તો, તમે મહેનત કરીને એક બીજામાં એકદિલી કરી ફિતનાને.

દૂર કરજો. બનતા સુધી તો લડાઈ ફિતનો ઊભો થવા દેશોજ નહિ. એવી રીતે સંભાળીને તથા ઘણા ડરીને ચાલજો.

તમે જાણો છો કે આફ્રિકામાં ડુડુ કરીને એક જાતનો બારીક જીવડો થાય છે, તે પગમાં દાખલ થઈ જાય છે. પહેલા તો તેને કાંઈ દરદ થતું નથી પણ તે લોહી પીને જ્યારે મોટો થાય છે ત્યારે તેને બહાર કાઢવો ઘણું મુશ્કેલ થઈ પડે છે અને તેને ઘણું દુઃખ થાય છે અને આખરે તે માણસનો પગ સડી જાય છે અને પગ કાપવા સિવાય બીજો કોઈ ઈલાજ રહેતો નથી. જ્યારે પગ કાપી નાખવામાં આવે છે ત્યારે, દરદીને આરામ થાય છે. પણ આ ડુડુ જેવો પગમાં દાખલ થાય અને ખુજલી થવા માંડે કે સુઈથી અથવા બીજી કોઈ વસ્તુથી તેને કાઢી નાખવામાં આવે તો, તે વખતે સહેલાઈથી બહાર નિકળી જાય છે અને માણસને કાંઈ નુકશાન થતું નથી.

એવીજ રીતે ખુદા ન ખાસ્ત તમારી જમાતમાં ડુડુ પડી જાય, એટલે કે કોઈ પણ જાતનો ફિતનો થઈ પડે તો, તરત તેને અટકાવજો અને જલદીથી એકદિલી તથા સલાહ કરી લેજો. ફિતના ફિસાદને બહાર કાઢજો; વળી તમારા દિલમાં હસદ બિલકુલ નહિ રાખતા. હસદથી બહુ ડરવું જોઈએ.

ખરાબ ખ્યાલ તથા ખરાબ કામને તમારા દિલની નજીક પણ નહિ આવવા દેશો. ખુદા ન ખાસ્ત કોઈ પણ જાતની ખરાબી થઈ જાય તો જલદીથી તેને ખલાસ કરી નાખજો; તે એવી રીતે કે તમે પોતપોતામાં હેત એખલાસથી પંજા લઈ, માફી માંગીને હસદને દુર કરજો.

તમોએ કોઈની નીંદા કરી હોય તો, તરત તેની રૂબરૂમાં જઈ તેના તરફ કરેલો તમારો ગુન્હો તેની પાસે કબુલ કરજો અને તે માફ કરવા માટે તેને આજીજી કરજો. મોમનની પીછાણ એજ છે આમ કરવાથી જરૂર તે માફ કરશે.

**રૂહાની રોશની ...(૧૪૦)**

દારેસલામ તા. ૨૯-૯-૧૮૯૯.

**હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર આગા સુલતાન મોહમ્મદ શાહ હાઝર ઈમામે ફરમાવ્યું :-**

'તમારા દીનના ઉસુલ વિષે ફરમાવીએ છીએ. તમારો "ઉસુલે દીન" શું છે? જેમ ઝાડનું મગજ હોય તે પ્રમાણે છે. બધા ઈન્સાનનો ખ્યાલ ઉસુલ તથા મગજ ઉપર હોય છે.

તમારામાં કેટલાક એવા છે કે જેમને પોતાના દીનની કાંઈ ખબર નથી.

જ્યારે તમે નવરા બેઠા હો ત્યારે, તમારે ખ્યાલ કરવો જોઈએ કે ખાલક કોણ છે? મખલુક કોણ છે? તમે એવા ખ્યાલ ક્યારે પણ કીધા છે? કોઈ તમને પુછે કે તમે કોણ છો? ત્યારે તમે કહેશો કે મારા બાપનો દિકરો; બલકે તમારી થોડીક પેઢી સુધી જવાબ આપી શકશો. જરા વધારે અક્કલવાળો હશે તે આદમ સુધી પહોંચશે, પછી ખલાસ.

તમે વિચાર કરો કે આદમ ક્યાંથી આવ્યો? આદમને કોણે મોકલ્યો? જે ઈન્સાન સુફી હશે તે આ ખ્યાલને પકડી લેશે.

તમોએ જોયું છે કે, વરસાદ આસમાનમાંથી જમીન પર પડે છે, જમીન પર પડીને સુકાઈ જાય છે. જે ટીપું ટીપું થઈને નદીમાં મળે છે અને નદી દરિયામાં મળે છે. સઘળું પાણી અંતે પાછું દરિયામાં જાય છે. તેજ પ્રમાણે તમારો રૂહ અસલ છે, તેનું મકાન ઘણુંજ મોટું છે. જે અક્કલથી નથી સમજતો અને ઉપર જવાની ઉમેદ નથી રાખતો, તે જમીન ઉપર પડીને સુકાઈ ગયેલા પાણી મિસાલ છે. જેઓ ઉપર જવાની ઉમેદ ધરાવે છે તેઓ ઉપર પહોંચવા માટે બંદગી વધારે કરે છે અને મહોબ્બત પણ વધારે કરે છે.

કેદખાનામાં ઈબાદત કરે અને સમજે કે મરી જશું ત્યારે કેદખાનામાંથી છૂટા થઈ બહેશ્તમાં જશું. પરંતુ બહેશ્ત પણ કેદખાનુંજ છે.

**રૂહાની રોશની ...(૧૪૨)**

તમારામાંના જેઓ તમારા કરતાં વધારે અક્કલવાળા હતા, તેઓ અમારે રસ્તે ચાલ્યા છે; મિસાલ મનસુર ચાલ્યો; તેને વાસ્તે બહેશ્ત મૌજુદ હતી; પણ તે કહેતો કે, ખાલી બહેશ્તમાં જઈને શું કરૂં; જ્યાં સુધી મગજને ચાખીશ નહિ ત્યાં સુધી પાછો નહિ વળું, આગળ વધીશ.

જ્યારે અસલની ખબર ન પડે, ત્યારે શું વળ્યું? મુર્તઝાઅલીએ ફરમાવ્યું છે કે, "જેણે પોતાને ઓળખ્યો તેણે જાણે કે ખુદાને ઓળખ્યો." જ્યાં જોઈએ છીએ ત્યાં રૂહ-દોસ્તને જોઈએ છીએ. જ્યારે તમે માણસને જુઓ છો, ત્યારે માણસની શિકલ જોવામાં આવે છે. હાથ, પગ, મોઢું, આંખો સર્વે દીઠામાં આવે છે, પણ રૂહ દીઠામાં આવતો નથી. તમે રૂહને જોવાની તજવીજ કરો.

તમને અત્યારે રૂહનો ખ્યાલ છે કે, બંદગી કરીને સુખ મેળવવાનો ખ્યાલ છે?

ઈન્સાનનો દરજ્જો ઉંચો છે, પણ તે પોતાને પોતાના હાથે નીચે પાડી નાંખે છે, તમારામાંથી કોઈ કોશીષ કરે કે અમે પીર સદરદીન, પીર શમ્સ તથા મનસુર જેવા થઈએ તો તમે તેવા થઈ શકો છો. તમે તેનાથી પણ ઉપર થઈ શકો છો.

અમે કહેતા નથી કે તમે કેવા થશો; પણ અમને બધી ખબર છે. જો તમે આપણા દીનના રસ્તા ઉપર મુસ્તકીમ થઈને ચાલશો તો તમે ઉંચે પહોંચી શકશો. તેની અમને ખબર છે. તમારૂં દિલ તથા મકસુદ સુફીમાં હોય તો તમે પહોંચો. આ બાબતમાં કેટલીક ચીજોની જરૂર છે, તેમાં બુલંદ હિંમત જોઈએ. તે હિંમત તમારામાં નથી. કેટલાક હજાર વર્ષો થઈ ગયા તેમાં કેટલા માણસો તે મકસુદને પહોંચ્યા? હ. ઈસા, હ. રસુલ (સ.), મનસુર, પીર શમ્સ અને દુનિયાના બીજા થોડા માણસો પહોંચ્યા છે. તે સર્વેના કામ તથા રસ્તો એક સરખોજ હતો.

**રૂહાની રોશની ...(૧૪૪)**

જેઓ ત્યાં પહોંચ્યા તેઓ પોતાના રૂહના આશક હતા, રૂહના દોસ્ત હતા, તેઓ તે મકાને પહોંચ્યા.

દુનિયામાં ઘણા મઝહબ છે, જેઓ સુફી નથી, શરિયતી, નસારા, યહુદી, હિંદુ વિગેરે સર્વે મઝહબવાળાઓ સુફી નથી. તેઓના ખ્યાલ તથા બંદગી નીચે જવાની હોય છે. તેઓ જે ઉમેદ ધરાવે છે, તે ઉમેદ સારી નથી. તેઓને એ ઉમેદ છે કે બહેશ્તમાં જઈ ત્યાં સારૂં સારૂં ખાવું, સારા લુગડા, ઝાઝી સ્ત્રીઓ અને બહેશ્તના સુખ પોતાને મળે. તેઓની આવી ઉમેદો સારી નથી. એવી ઉમેદો શરિયતીની છે. બહેશ્ત પણ દુનિયા માફક છે. રૂહની જે અસલ ઉમેદ છે તે બીજું જવહર* છે.

મૌલાના રૂમી કહી ગયો છે કે હું, પથ્થર હતો, તેમાંથી ઝાડમાં પેદા થયો, તેમાંથી બદલીને કીડીમાં પેદા થયો, ત્યારબાદ જાનવરમાં પહોંચ્યો, જાનવરમાંથી મટીને વાંદરામાં પહોંચ્યો; તેમાંથી

ઈન્સાન થયો છું. ઈન્સાનમાંથી શું થઈશ? મલાએક બનીશ. ત્યાંથી ક્યાં જઈશ? તે કરતાં ઉંચે જઈશ.

તમે વિચાર કરો કે, ફના થઈએ. જે કોઈ ચાહે અને કોશીષ કરે તે ત્યાં પહોંચી શકશે. પણ તમારા ગુન્હા તમને પહોંચવા આપતા નથી. તે ગુન્હાઓએ તમને કેદખાનામાં બંધ કીધા છે. દુનિયાના ગુન્હાઓએ તમને કેદખાનામાં નાખેલાં છે. તેમજ ખોટું બોલવાની આદતે તમને કેદમાં નાંખ્યા છે અને તમારી ઉમેદો જેવી કે બહેશ્ત, હુરાઓ, સારા મેવા, એ સર્વે આશાઓએ તમને કેદ કરેલા છે. પણ રૂહ કેદખાનામાં કોઈ વખત ખુશી નથી. જુઓ વિચાર કરો, કોઈ બુલબુલ અથવા બીજા પક્ષીને પકડીને પાંજરામાં નાખવામાં આવે, તેને પાણી અને જે સારી સારી ચીજો જાનવરો ખાય છે તે આપવામાં આવે, તો પણ પક્ષી પાંજરામાં

ખુશી નથી. તે ઉડીને હવામાં જવાને વધારે રાજી હોય છે. તેને પાંજરામાંથી ઉડી જવાનું મન થાય છે.

પક્ષીની પાંખો કાપીને પાંજરામાં રાખવામાં આવે અને પછી આસ્તે આસ્તે તેને પાંજરાની આદત આપવામાં આવે. પહેલાં તો તેનું મન થશે કે પાંજરામાંથી બહાર નીકળી જાઉં. પણ તેની પાંખો કાપ્યા બાદ બે ત્રણ વર્ષ તેને પાંજરાની આદત આપવામાં આવે તો પછી પાંજરામાંથી બહાર નીકળવાનું તેને મન નહિ થાય. તમે પણ પક્ષીની મિસાલ છો.

જ્યારે તમે પહેલાં પાંજરામાં આવ્યા ત્યારે તમારો ખ્યાલ હતો કે ભાગી જઈએ પણ પછી પાંજરાની આદત પડી, તેની અંદરના ખોરાકથી ખુશી થયા. હવામાં ફરવા તમે ખુશી નથી. પુત્ર, કુટુંબ તેના કુટુંબ, તેના પુત્ર, તેમાં તમે એવા ફસાયા છો, એવા લોભાયા છો કે કાપેલી

પાંખવાળા પક્ષીની પેઠે પાંખ કાપેલા થયા. હવે તમે ક્યાં જાઓ?

કોઈ બુલબુલ ઘણા વેગથી ઉડનારી હોય, તેને સોનાના પાંજરામાં રાખી, સારા સારા મેવા, પાણી વિગેરે આપવામાં આવે, તો પણ તેનું એવું દિલ થશે કે ઉડી જાઉં; પણ આસ્તે આસ્તે તેની પાંખો કાપી નાંખવામાં આવે, તેના બચ્ચાં એકઠા થતાં જાય, તો પચાસ વર્ષ બાદ તેમને બહાર કાઢતાં, તેઓ ઉડી નહિ શકે, કારણ કે કેદખાનામાં તેઓનો જન્મ થયો છે. હવામાં ફરવાની અથવા ઉડવાની ખુબીઓથી તેઓ અજાણ છે.

તમે પણ બેખુદ છો. તમારા દીનની અસલ ખુબી તમે જાણતા નથી, તેની માયના સમજતા નથી. દીનની કેવી ઉમેદ છે તે વિષે તમને ખબર નથી.

**રૂહાની રોશની ...(૧૪૮)**

તમારામાં ઘણાએક એવા છે કે જેઓએ પોતાના નામો ઈસમાઈલી મઝહબમાં રાખેલા છે અને કહે છે કે અમે ઈસમાઈલી છીએ; પણ ઈસમાઈલી મઝહબ શું છે અને તેની ખુબી શું છે તે વિષે તેઓને કાંઈ ખબર નથી. તેઓ નાદાન છે.

તમે પણ આસ્તે આસ્તે સુફીમાં દિલ લગાડો. એનાથી પણ ઉપર જવાનો ખ્યાલ રાખો. સુફી મઝહબ એ **તરીકત** છે, પછી **હકીકત**માં પહોંચશો. તમે આસ્તે આસ્તે ઉડવા લાગશો. ઈલ્મવાળો રૂહ પગથિયું પગથિયું ઉંચે ચડશે. તે એક દાદર પુરો કરી બીજા દાદર પર ચડી શકશે.

પણ જેને ઈલ્મ નથી તે કહે છે કે હું તો ક્યાંય જતો નથી, અહીંયાજ બેઠો છું. આવા માણસના ઘટમાં અમારા ફરમાન ઘડ બેસતા નથી. જે સમજી શકતો નથી, તેના ઘટમાં કેમ

ઘડ બેશે? અને તે કેમ ઈતબાર લાવે? અમારા ફરમાન જેઓ સમજી શકશે તેમને મીઠાશ લાગશે.

અમારા ફરમાન પ્રમાણે નહિ ચાલશો તો, તમે પરેશાન થશો. ત્યાં લોખંડ તથા આતશના ગુરજ તમારા માથામાં મારવામાં આવશે, ત્યારે તમે ત્યાં પોકાર કરશો અને કહેશો કે 'તૌબા તૌબા' રાત દિવસ ગુરજ માથામાં લાગશે. બેખબરીનો ગુરજ ઘણો ઈજા પહોંચાડનાર છે. આતશના ગુરજથી ડરીને ધાસ્તીના લીધે ઈબાદત બંદગી કરે, તે મોમન નથી; પણ ખરું ડરવું એ છે કે, ખુદાના દિદારથી દૂર ન થવાય; તેનાથી ડરવું જોઈએ.

જેમ હઝરત મુર્તઝાઅલીએ એક દિવસ, નમાઝની વખતે ફરમાવ્યું કે, ખુદાયા મને બહેશ્તની તમા નથી, તેમ હું દોઝખથી ડરતો નથી, જે દુઃખ દેવું હોય તે મને દે, મારાથી સારાઈ કર. હું તારો આશક છું. હકીકત એ છે.

મુર્તઝાઅલી મોજીઝા કરતા હતા, પરંતુ મોજીઝા માણસ પણ શીખે છે. અને જાદુગરો બનાવી શકે છે. મુર્તઝાઅલીનો મોજીઝો એ હતો કે પોતાની જગ્યા પર પહોંચાડે. **હકીકતના અસલ મકાને પહોંચો.**

જે તમારે પુછવું હોય તે પુછો કે ફલાણી બાબત અમે સમજી શકતા નથી. તમે બેખબર છો. જેઓ બેખબર છે તે કેવા કેવા ખ્યાલ કરે છે કે, જે બિમાર હોય તેને તેની બિમારીમાંથી સાહેબ સારા કરે છે. એ અમારૂં કામ નથી. અમારૂં કામ એ છે કે તમને સીધો અને સાચો રસ્તો દેખાડીએ જેથી, તમે પાર પામી શકો અને તે જગ્યાએ પહોંચો. તમે ફનાફિલ્લાહ થાઓ.

ફના-કાંઈ નહિ.

ફિ-અંદર.

અલ્લાહ-ખુદા.

ફના ફિલ્લાહ-ખુદાવંદતઆલાની જાતમાં નાબુદ થઈ જવું.

તમે એવા ખ્યાલ કરો કે ભલા! ખુદા કોણ છે? અને ખુદામાં કેમ ન સમાઉં?! એવી ઉમેદ રાખો.

તમે એવા ખ્યાલ નહિ રાખો કે અમોએ ફરમાન વ્યર્થ કર્યા છે. અમારા ફરમાન વાંચો સાંભળો અને વિચાર કરો. જેમકે હઝરત ઈસા ખુદામાં ફના થયા હતા.

હઝરત ઈસા કોણ હતા? હઝરત ઈસા હકીકતી હતા, તે ખુદામાં ફના થયા. હઝરત રસુલ કરીમની મેઅરાજ વિષે તમોએ સાંભળ્યું છે. એ બાબતમાં તમોએ શું ખ્યાલ કર્યો? માણસો કહે છે કે, હઝરત રસુલ ઘોડા ઉપર બેસી મેઅરાજ સીધાવ્યા, એ બધી લોકોની વાતો છે. ખુદા માત્ર આસમાનમાંજ છે, એમ

નથી, ખુદા બધે ઠેકાણે છે; પણ તેઓ અસલ મકાને પહોંચી પાછા વળ્યા તે રાત મેઅરાજની હતી. આ મેઅરાજ છે.

તમે એની માયના સમજતા નથી. પેગમ્બરે જે મિસાલો ફરમાવેલી છે તેની માયના અક્કલવાળા દાના હોય તે સમજે. પણ જે બેઅક્કલ હોય, તે કહેશે કે કિસ્સા કહાણીઓ ખરી છે. અક્કલવાળો માણસ કહેશે કે, ઈન્સાન એ એક મોટી ચીજ છે. સારા નરસાને બરાબર ઓળખે તે ઈન્સાન છે. અક્કલવાળો જવાબ આપશે કે એ એક મિસાલ છે. એની તુલના કરીને સમજો, એ તમારા હાથમાં છે. એવો વિચાર નહિ કરતાં કે કામ ઘણું મુશ્કિલ છે.

એવું નથી કે માત્ર મુર્તઝાઅલીની ઔલાદ ત્યાં પહોંચે. જે કોઈ પક્ષીની માફક ઉડે, નિશ્ચય કરે તે પહોંચે. પહેલા ઝાઝુ ન ઉડાય તો થોડું ઉડે. એમ કરતાં કરતાં અસલ બાઝ જેવો

થશે અને બરાબર ઉડશે. આ સર્વે બાબતોનો ખ્યાલ કરો. આમાં પક્ષીની કાંઈ પણ મકસદ નથી જો પક્ષીની મકસદ હોત તો, અમે તમને કહેતે નહિ.

દીન એ છે કે ખોટા ખ્યાલ નહિ કરવા. ખુદાએ તમને પેદા કીધા છે. તમે ખુદાને સિજદો કરો તેમાં ખુદાને શું ફાયદો? ખુદા ફક્ત એકમાં નથી. ખુદા સર્વે ઠેકાણે છે. તેને ખુશી કરવો એ બહેતર છે. **જ્યારે તમારું દિલ રાજી રહે, ત્યારે ખુદા રાજી રહે.**

તમે દુનિયામાં કેદમાં છો ત્યાં સુધી રાજી નહિ થશો. પોતાના પ્રાણનો ઘાત કરીને કેદમાંથી નીકળી જવું એમ નથી; મુઆ તો વળી મોટું કેદખાનું આગળ છે; એકમાંથી બીજું, ત્રીજું વિગેરે. પોતાના પ્રાણનો ઘાત કરીને છુટવું એમાં શું ફાયદો છે ?

તમને ખબર નથી કે તમારા વડવા કેવા હતા?

અગાઉના જમાનામાં ઉમર ખૈયામ એક સુન્ની માણસ શરીયતી કાઝી હતો. તેના હાથમાં કિતાબ હતી. હાથ પગ ધોવાની નકામી વાતો કરતો હતો. એવી રીતે હાથ પગ ધોવા એ પોતાને હજામ બનાવવા બરાબર છે અને એ હજામનું કામ છે એમ તેને લાગ્યું. ત્યારબાદ તેણે આસ્તે આસ્તે ખુદાના ઈલ્મ વિષે ખ્યાલ કીધો. પછી નાસર ખુશરૂ સાથે તેની દોસ્તી થઈ. નાસર ખુશરૂની દોસ્તી થયા પછી, ઉમર ખૈયામ આસ્તે આસ્તે મહેનત લઈને પોતાને દરજ્જે પહોંચ્યો. તે હંમેશા હૈયાત છે. તે પોતાની કિતાબમાં લખી ગયો છે કે હું હંમેશા જીવતો છું.

બંદગીનો શું અર્થ છે?

બંદ - ઈન્સાનના પગ બાંધ્યા હોય તે.

અબ્દ - ગુલામ.

અબ્દલ્લાહ - ખુદાનો ગુલામ.

તમારો ગુલામ હોય તે ઘણાં વર્ષ તમારી ખિદમત બરાબર કરે, તો શું તમે તેને આઝાદ નહિ કરશો? તમારો કોઈ ગુલામ હોય અને તે સારો માણસ હોય અને હંમેશા તમારી ખિદમત કરતો હોય, તો તમે તેના માટે શું કરશો? તેને પૈસા આપશો તો તે રાજી નહિ થશે. તેને આઝાદ કરશો, ત્યારેજ તે ખુશી થશે.

તમે બંદેખુદા છો. ખુદા રહેમુર રાહેમીન છે. ત્યારે શું તમને કોઈ વખત આઝાદ નહી કરે? અમે નથી કહેતા કે આ દુનિયા પછી પણ તે આઝાદીમાં તમે પહોંચી શકશો. એ સર્વે સીધા રસ્તા ઉપર ચાલવા તથા આલા હિંમત ઉપર આધાર રાખે છે. એ સઘળું તમારા હાથમાંજ છે.

તમે ખ્યાલ કરો કે તમારો દીન શું છે? તમારા દીનનું ફરમાન છે કે તમે જોઈ વિચારીને ચાલો અને ખ્યાલ કરી જુઓ. દાખલા તરીકે તમે જંગલમાં ચાલો છો, ત્યાં ત્રણ ચાર ઠેકાણે

પાણીના ખાબોચિયા છે, તેમાં પાણી ભરેલું છે, મગરબ વખતે જ્યારે સુરજ અસ્ત થાય છે ત્યારે, સુરજના નૂરનો પ્રકાશ પાણી ઉપર પડે છે. જો તે જંગલમાં જનાર ઈન્સાન બે અક્કલ હશે તો કહેશે કે આ નૂરાની રંગ પાણીનો છે. પણ જો તે માણસ અક્કલવાળો હશે તો તે કહેશે કે આ પાણીનો રંગ નથી, એ સુરજનું નૂર છે. મેં એ પાણી દીઠેલું છે. અગાઉનો તથા હમણાંનો પાણીનો રંગ સરખો નથી. આ તો સુરજનું નૂર પાણી ઉપર પડેલ છે. જ્યારે સુરજ અસ્ત થઈ જશે ત્યારે માલમ પડશે કે તે સુરજનું નૂર હતું.

જ્યારે ઝાડ અથવા પહાડ ઉપર વીજળી પડે છે. ત્યારે તમે કહેશો કે એ વીજળી ડુંગર છે. એ બેઈલ્મી તથા નાદાનની વાતો છે.

તમે પોતે ખુદાનો દરજ્જો સમજો અને હકીકતના રસ્તાથી વાકેફગાર થાઓ. ત્યારે તમે આઝાદ થશો. **ખુદાનો દરજ્જો સમજ્યા અગાઉ**

**પોતાનો દરજ્જો સમજો. ત્યારબાદ ખુદાના દરજ્જાની ખબર પડશે.**

ઈન્સાન રાત દિવસ પૈસા પેદા કરે, સારા કામ કરે પછી મરી જાય, ત્યારે શું ફાયદો ? તેમજ હંમેશાં બંદગી કરવા છતાં આઝાદીમાં ન પહોંચે તો શું વળ્યું? અક્કલવાળો થોડાથી નારાજ થશે.

તમારી પાસે ગુલામ હોય, તેને વાંકી ટોપી પહેરાવો તથા પીળો લેબાસ બનાવી આપો,પણ જો તે ગુલામ અક્કલવાળો હશે તો તેને ગમ થશે અને કહેશે કે હું નારાજ છું. તેને શું થવું જોઈએ? તેને ઘટારત છે કે આઝાદ થાય અને શેઠ બને, ત્યારે જ અક્કલવાળો રાજી થાય. જો તે ગુલામ બે અક્કલ હશે, તો કહેશે કે હું ગુલામ છું, સારું ખાવાનું, સારા કપડાં તથા વાપરવાનું સર્વે સુખ છે. જો મારો ધણી મને આઝાદ કરી નાંખશે તો મારે મહેનત કરવી

પડશે અને હું ભુખે મરી જઈશ. મને ગુલામી બહેતર છે. સઘળા ઈન્સાનનું આ પ્રમાણે છે.

અમારા ફરમાન તમારા દિલમાં ઘડ બેસે છે કે નહિ? અમે મુશ્કિલ સમજીએ છીએ; સબબ એ છે કે અમે બીજા ખ્યાલમાં કહીએ છીએ અને તમે બીજા ખ્યાલમાં સમજો છો.

તમે ઈસ્માઈલી દીનની માયના નથી સમજતા. તમે સહી ચોક્કસ કરીને સમજો કે તમારો દરજ્જો કેવો છે?

જે ઈન્સાનનો પહેરવેશ ખરાબ અને મેલો હોય, તેના લેબાસ ઉપર રસ્તામાં થોડી માટી તથા ચીકલ પડે તો તેને અફસોસ નહિ થાય. તેના કપડાં પહેલાંથી જ મેલા હતા, તેના ઉપર થોડા વધુ ડાઘા થવાથી તેને અફસોસ થશે નહિ; પણ જે ઈન્સાનનાં લુગડા ધોબી ધોએલા સ્વચ્છ હશે. તેને રસ્તે જતાં ગાડીનો થોડો ચીકલ લુગડા ઉપર લાગી જાય, તો તેને કચવાણ લાગશે.

કારણ કે તેનો લેબાસ હંમેશા સાફ રહે છે. તે કહેશે કે જલદી ઘરે જાઉં અને આ લેબાસ બદલી નાખું, જેથી મારા દોસ્તો મારી મશ્કરી ન કરે. તે ઘેર જઈ બીજા લુગડા પહેરી લેશે.

આની માયના સમજો છો? ચીકલ છે તે ગુન્હા છે. એ ચીકલ આ છે કે: (૧) પરાયો માલ ખાઈ જવો. (૨) પરાઈ ઔરત પર બદ નજર કરવી. (૩) મરદોનો ખ્યાલ પારકી સ્ત્રી ઉપર હોય. (૪) ફલાણાના સો રૂપિયા મારા રૂપિયા સાથે છે, તે ખાઈ જાઉં. આ સઘળા ગુન્હા ચીકલ છે. મોમીન ઈન્સાન લેબાસ સારો પહેરે છે. તે થોડા ગુન્હા કરે તો પણ તેની નજરમાં તે ગુન્હા મોટા જણાય છે. તે જલદી બીજો પહેરવેશ પહેરી લેશે.

દોસ્ત, માશુકને મળવાની ઉમેદ રાખતો હોય અને તેનો લેબાસ ખરાબ હોય, તો માશુક તેને કબુલ નહિ કરે, કહેશે કે જાઓ જાઓ.

તે માશુક કોણ છે? તે માશુક ખુદાવંદતઆલા છે. ખરાબ લેબાસ તે ગુન્હા છે, રાત દિવસ ચીકલમાં લેટે તે ગુલામ છે. તે કદી આઝાદીની તલબ રાખતો નથી. આ જે સઘળા ફરમાન થાય છે, તે તમે સમજો. હકીકત અને શરિયત શું છે? આ બીજી સોબત છે. **"આ"** અને **"તે"** ક્યારે પણ એક થવાના નથી. ક્યારે પણ એક નહિ થશે. **"આ" કિતાબ, રોઝા, નમાઝ** તથા **બંદગી**ને ચાહે છે. **"તે" ઉમેદ આઝાદીની રાખે છે**. એ બે વાતો છે. બન્નેના વિચારો જુદા જુદા છે. અમારા વાસ્તે ઘણી મહેનત છે.

**"એ"** બેઈલ્મી કેમ રાજી થાય? **"એ"** હકીકતને પકડતો નથી. એને હકીકત જોઈતી નથી. જેઓ બેઈલ્મ છે તેઓ હકીકતને છોડી આપે છે, પણ જે હકીકતી છે તે બીજે રસ્તે ચાલે છે. જેમ આગળ (૧) ઈસા (૨) પીર સદરદીન (૩) નાસર ખુશરૂ (૪) પીર શમ્સ

(૫) મૌલાના રૂમી, એવી રીતના માણસો હકીકતના રસ્તા ઉપર ચાલ્યા. આ રસ્તો નાદાનને માટે બહુ મુશ્કિલ છે.

અમે જોઈએ છીએ કે અમારા દીનમાંથી ફરી જઈને કોઈ ઈશ્નાઅશરી અથવા સુન્ની તથા નસારા થઈ જાય છે, તેમાં અમે અજબ થતા નથી. કારણ કે તે પોતે બેઈલ્મ છે. બેઅક્કલ આદમ માટે હકીકતી દીન ઘણોજ મુશ્કીલ છે. બે અક્કલને માટે અમારો દીન ઘણોજ મુશ્કિલ છે. બે અક્કલ ફરી જાય, તેમાં અમને તાજુબી લાગતી નથી, કેમકે આ દીન ઘણો સખત છે.

જે ઈન્સાન અક્કલનો ઝઈફ છે તે ખરાબ છે. તે હરામની પછવાડે દોડે છે; પણ જે દાના અક્કલવાળો હશે તે કહેશે કે આ રસ્તો સારો છે. તે તેનો વિચાર કરીને ચાલશે. અક્કલવાળો કહેશે કે મારી આરઝુ આઝાદીની છે. હું આઝાદી પછવાડે દોડું છું, હું દોડીશ, હું શોધીશ !

**રૂહાની રોશની ...(૧૯૨)**

તમે જ્યારે સિજદો કરો ત્યારે, માંગો કે અમને અસલ મકાને પહોંચાડ. જેમ બાળક પોતાની માતાથી જુદું પડે છે, ખોવાઈ ગયું હોય છે, ત્યારે તે રડે છે કે ક્યારે માં પાસે જઈ પહોંચુ ! તમે પણ તેવા થાઓ.

અમોએ તમને ઘણા ફરમાન કર્યા, પણ ફાયદો ત્યારેજ થાય કે જ્યારે અમારા ફરમાન પ્રમાણે ચાલો. જો તમે અમારા ફરમાન પ્રમાણે અમલ કરો, તો જાણે અમે સવાર સુધી ફરમાન કીધાં એમ અમે સમજશું.

ઈન્શાઅલ્લાહ, તમારામાં કેટલાક હકીકતી છે. તેઓને અમારા ફરમાન ઘણોજ ફાયદો કરશે. તેઓના દિલમાં ઘડ બેસી જશે, પણ જેઓના દિલ ઝઈફ છે અને હિંમત નથી તેમના દિલમાં થોડો અથવા વધારે શક ઉત્પન થશે, કારણ કે હકીકત ઉપર તેમને ઓછો ઈતબાર છે. તે અમે સઘળું સમજીએ છીએ. સઘળાંના દિલની અમને ખબર છે.

શરિયતીઓ અમારા હકીકતી ફરમાન સાંભળે, તો તેમના દિલમાં અસર કરતા નથી. જેઓ હકીકતી નથી તેઓ બેઅક્કલ છે.

ઈન્સાનને જોશ ઉત્પન થાય છે તે ખોટો જોશ છે. તેને પણ ફરમાન અસર કરતા નથી. તેઓને એમ થશે કે જેમ પાણીને આતશ ઉપર રાખવાથી હવા થઈને ઉડી જાય છે, તે આતશ ઉપર જોશમાં ઉકળે છે અને અવાજ કરે છે. દિલનો જોશ પણ પાણી માફક છે.

અમે અમારા દિલથી તમને દુઆ કરીયે છીએ કે ખુદા યા ! તેમના દિલમાં એવી તાકાત બક્ષ કે આઝાદ થાય, હકીકતી થાય અને ખરાબીથી દુર ભાગે. તેઓ સીધે રસ્તે ચાલે અને રસ્તો સવળો પકડે. ખુદા યા ! તેઓને હકીકતી આંખો બક્ષ. આ દુઆ સઘળી દુઆ કરતા વધારે છે.

ઈન્શાઅલ્લાહ, અમારા ફરમાન હમેશાં દિલમાં રાખજો, ભુલી નહિ જશો. એમ ન બને કે જ્યાં સુધી અમે ઝાહેરીમાં અતરે હાઝર છીએ ત્યાં સુધી અમારા ફરમાન વાંચો અને પછી ન વાંચો, એમ નહિ થવું જોઈએ. જેમ ગીનાન વાંચો છો તેમ અમારા ફરમાન વાંચજો. જેમ ગીનાનની માયના કાઢો છો તેમ અમારા ફરમાનની પણ માયના કાઢજો. અમારા ફરમાન એજ ગીનાન છે.

અમારા સિધાવ્યા બાદ એવું નહિ સમજતા કે સાહેબ સિધાવી ગયા. જેમ તમે ઈમામને હાઝર સમજો છો, તેમ હાઝર સમજજો, હાઝર ઈમામ જાહેરીમાં હંમેશા હાઝર નથી બેસી રહેતા, પણ તેઓને હાઝર સમજવા જોઈએ, અમે પણ હંમેશા તમારી પાસે બેઠા છીએ.'